# પરમાત્મા પરીક્ષાનો નહીં પ્રેમનો વિષય છે

**આચમન**
**બિપિન પટેલ**

પરમાત્માના અસ્તિત્વને નકારવાની તેમ જ આપણાં શાસ્ત્રો, આર્ષગ્રંથો કે ધર્મગ્રંથોને કાલ્પનિક કથાનક માનવાની વિચારધારા આજે તો વધતી જાય છે. જો કે પરમાત્માને પારખવાની અને તેમના અસ્તિત્વમાં સંશય કરવાની વિચારધારા તો ત્યારે પણ જોવા મળી હતી કે જ્યારે પરમાત્માએ માનવ અવતાર લીધો હતો. ભગવાન શ્રીરામે ત્રેતાયુગમાં મનુષ્ય અવતાર ધારણ કર્યો ત્યારે પણ વિશાળ વર્ગ તેમને સાધારણ રાજકુમાર દશરથ પુત્ર રામ જ માનતો હતો. કેટલાકે તો સંશય કર્યો. તો કોઈએ તેમને પારખવાનો પણ પ્રયત્ન કર્યો કે શું તેઓ ખરેખર પરબ્રહ્મ છે ખરા? હા! ભગવાન શિવજીનાં જ પત્ની સતીજીએ (પાર્વતીજી પૂર્વજન્મમાં દક્ષપુત્રી સતીજી હતાં) જ્યારે શ્રીરામને પારખવાનો પ્રયત્ન કર્યો ત્યારે તેનું પરિણામ કેવું આવ્યું ? શિક્ષાપ્રદ છે શ્રીરામચરિત્રમાનસના બાલકાંડનો એ માર્મિક પ્રસંગ. ત્રેતાયુગમાં એક વાર શિવજી સતીજી સાથે મુનિ અગસ્ત્યજીના મુખે શ્રીરામકથા સાંભળીને કૈલાસ તરફ પાછા ફરી રહ્યા હતા. માર્ગમાં શિવજીને તેમના આરાધ્ય શ્રીરામના દર્શન થયાં. બન્યું હતું એવું કે વનવાસ દરમિયાન રાવણે સીતાજીનું હરણ કર્યું હતું અને રામલક્ષ્મણ સીતાજીની શોધમાં ફરતા હતા. શિવજીએ તેમને પ્રણામ કર્યા, એ જોઈને સતીજીને આશ્ચર્ય થયું કે જગત આખું જેમને વંદન કરે છે એ મારા સ્વામી આ પત્ની વિરહમાં દુ:ખી થઈને પાગલની જેમ ભટકતા એક સાધારણ રાજકુમારને પ્રણામ કરે? મારા સ્વામી નક્કી થાપ ખાઈ ગયા! સતીજીના મનમાં સંશય જાગ્યો કે જો રામ ખરેખર પરબ્રહ્મ હોય તો એક સાધારણ પુરુષની જેમ નારીવિરહમાં આમ કલ્પાંત શા માટે કરે ? તેમના મનમાં ઊઠતા સંશયના તરંગોને જાણતા શિવજીએ તેમને સમજાવવાનો



પ્રયત્ન કર્યો કે તેઓ પરબ્રહ્મ પરમાત્મા શ્રીરામ જ છે પરંતુ સતીજી માન્યા નહીં, ત્યારે શિવજીએ કહ્યું,‘‘જો તમારા મનમાં સંશય હોય તો જાઓ! કરો પારખું તેમનું! પણ જરા વિવેક વાપરીને પરીક્ષા લેજો! સતીજી નીકળ્યાં ભગવાન શ્રી રામનું પારખું કરવા પરંતુ વિવેક ચૂકી ગયાં. તેમણે ધર્યું સીતાજીનું રૂપ અને સીતાજી બનીને પહોંચી ગયાં શ્રીરામલક્ષ્મણના માર્ગમાં. તેમણે તો માની લીધું હતું કે મને સીતાજી સમજીને રામ તો આનંદિત થઈ ઊઠશે પરંતુ બન્યું કંઈક વિપરીત! સર્વજ્ઞ ભગવાન શ્રીરામ તો જાણી ગયા કે સીતાજીના રૂપમાં આ તો સતીજી છે! તેમણે સીધો જ પ્રશ્ન કર્યો, ‘‘શિવજી ક્યાં છે? જંગલમાં આપ એકલાં શા માટે ફરો છો?’’ શ્રી રામનો પ્રશ્ન સાંભળીને સતીજી અવાક થઈ ગયાં!’’ કાપો તો લોહી ન નીકળે એવી તેમની સ્થિતિ થઈ ગઈ. જેમતેમ સ્વસ્થ થઈને પ્રણામ કરીને પાછાં વળ્યાં! શિવજીએ પ્રશ્ન કર્યો, ‘‘લીધી પરીક્ષા મારા આરાધ્ય શ્રીરામની? થોથવાતી જીભે સતીજી

> **પરમાત્મા શ્રી રામ બુદ્ધિચાતુર્ય કે તર્કવિતર્કનો વિષય નથી**

જૂઠું બોલ્યાં, ‘‘ના! ના! તમારી જેમ જ તેમને પ્રણામ કરીને પાછી ફરી!! શિવજીને શંકા ગઈ, ધ્યાન ધરીને તેમણે જોયું કે સતીજી શું ખેલ ખેલી આવ્યાં છે! હકીકત જાણીને તેમના હૃદયમાં ભારે વિષાદ થયો! આ તો ભારે અનર્થ થઈ ગયો. જગતજનની સીતાજીનું રૂપ બનાવનાર સતીને જો હું હવે પત્નીના રૂપમાં પ્રેમ કરું તો ભારે અનર્થ થશે! તેમણે મનોમન સંકલ્પ કર્યો કે - હવે સતી સાથે પત્નીના રૂપમાં મારો મેળાપ નહીં થઈ શકે. કૈલાસ પહોંચીને શિવજી તો દીર્ઘ સમાધિમાં નિમગ્ન બન્યા. સતીજીને ભારે પશ્ચાત્તાપ થયો! તેઓ સમજી ગયાં કે મહાદેવે મારો માનસિક ત્યાગ કર્યો છે. મહાદેવ ક્યારે જાગે તેની તેઓ વર્ષો સુધી પ્રતીક્ષા કરતાં રહ્યાં અને વિલાપ કરતાં રહ્યાં.

પરમાત્મા શ્રી રામ બુદ્ધિચાતુર્ય કે તર્કવિતર્કનો વિષય નથી. તેમના અસ્તિત્વને નકારવું કે તેમનામાં સંશય કરવો એટલે પોતાના અહિત-અમંગળને આમંત્રણ આપવું! ભગવાન શ્રીરામ તો પ્રેમના ભૂખ્યા છે, સંશયના નહીં! જીવ જ્યારે પરમાત્મામાં સંશય કરે છે ત્યારે તે તેમનાથી દૂર થાય છે! પરમાત્મા પારખવાનો નહીં, પ્રેમનો વિષય છે!

# સ્વાશ્રય જ સફળતાની ચાવી

**અજવાળાં**
**દુર્ગેશ ઉપાધ્યાય**

સફળતા કંઈ રસ્તામાં નથી પડી કે એ ચાલતાં ચાલતાં મળી જાય. સફળતા રસ્તામાં ય નથી કે સસ્તામાં ય મળતી નથી, એના માટે મહેનત કે સ્વાશ્રય જ એકમાત્ર અદભુત ચાવી છે.

જીવનમાં ઉતાર-ચઢાવ તો આવે જ પણ કપરી પરિસ્થિતિમાં પણ ડગ્યા વિના પ્રયત્ન ચાલુ રખાય તો અંતે સફળતા મળે જ છે. જો સફળતા ન મળે તો સમજવું કે તમારા પ્રયત્નમાં ક્યાંક કચાશ છે કે યોગ્ય રીતનો પ્રયત્ન નહીં હોય પણ ક્યારેક એવું પણ બને.

ઈંગ્લેન્ડના એક માણસની વાત છે. એક ખૂબ સામાન્ય પરિવારનો એ માણસ વધુ ભણી ન શક્યો. થોડું ભણેલો, પછી નોકરી શોધવા રખડતો. ખૂબ ફર્યો પણ નોકરી ન મળી. હવે શું કરવું એમ વિચારતો હતો. એવામાં એક અખબાર વેચનાર ફેરિયો કોઈ તાજા સમાચારની હેડલાઈન બોલતો પેપર વેચતાં જોયો, એને જોઈ પેલા માણસના મગજમાં ઝબકારો થયો.

હું પણ આમ છાપું વેચું તો? નોકરી માટે રખડવા કરતાં તો આ જે મળે તે ખરું. એણે પેલા ફેરિયાને ઊભો રાખી છાપું વેચવા માટેની માહિતી મેળવી લીધી.

બીજા દિવસે એ એજન્ટ પાસે ગયો અને થોડાં છાપાં લઈ પેલાની જેમ બીજા વિસ્તારમાં છાપાં વેચવા માંડ્યો. બે-ત્રણ કલાકમાં તો લીધેલાં બધાં છાપાં વેચાઈ ગયાં. બીજા દિવસે થોડા વધારે છાપાં લઈ વેચવા માંડ્યો. એમ કરતાં સારું કમાવા લાગ્યો. એને આ ધંધો ફાવી ગયો.

એ ખૂબ મહેનત કરતો. હવે વિચાર્યું કે છાપાં લઈ



એક જગ્યાએ બેસું તો ય લોકો લઈ જશે. એમ કરતાં એક નાનકડી દુકાન શરૂ કરી દીધી. પેલા એજન્ટને એની મહેનત ગમી. એણે બીજાં છાપાં, મેગેઝિન પેલાને ઉધારથી વેચવા આપ્યાં. એની પ્રામાણિકતા પેલા એજન્ટને ગમી એટલે મદદ કરવા થોડી મૂડી આપી, તેને એજન્ટ બનાવી દીધો.

એ ફેરિયામાંથી એજન્ટ બનેલો માણસ આગળ જતાં એક પોતાનું છાપું શરૂ કરી છાપાનો માલિક બની ગયો. વખત જતાં એનું છાપું એ શહેરનું ખૂબ વેચાતું છાપું થઈ ગયું. હવે એ માણસ શહેરનો ખૂબ મોટા અખબાર ગૃપનો માલિક થઈ ગયો હતો.

આમ સફળતા માટે ધીમે ધીમે પગથિયાં ચઢવાં પડે. સફળતાની સીડી ચઢવા પરિશ્રમ-સ્વાશ્રય કરવો પડે- એ સીડીનાં નીચેનાં પગથિયાં પહોળાં અને ઉપર જતાં સાંકડાં થતાં જાય છે. છેક ઉપરના પગથિયે

> **હું પણ આમ છાપું વેચું તો? નોકરી માટે રખડવા કરતાં તો આ જે મળે તે ખરું**

પહોંચતાં થોડી વાર તો લાગે ને? ઈંગ્લેન્ડના એ ફેરિયાની વાર્તા ખૂબ પ્રેરણાદાયક છે.

આમ સંજોગો કે પરિસ્થિતિથી હતાશ ન થતાં સ્વાશ્રયી રહેશો તો કપરા સંજોગો સફળતાથી પાર કરી શકશો. જીવનમાં પાનખર તો આવે પણ ફરી પાછી વસંત આવે જ છે. એ કુદરતી ક્રમ છે માટે નાસીપાસ થયા વિના જાગૃત રહી પ્રયત્નશીલ રહેવું તો વાસંતી સુવાસ માણી શકશો.



## સપ્તાહનાં વ્રત-તહેવારો
## તા. ૧૫ ડિસેમ્બરથી ૨૧ ડિસેમ્બર ૨૦૨૫

**તા. ૧૫ સોમવાર**
માગશર વદ એકાદશી, સફલા એકાદશી (તલ) ધનુર્માસ પ્રારંભ, કમૂરતા શરૂ

**તા. ૧૬ મંગળવાર**
માગશર વદ બારસ, અન્નપૂર્ણા વ્રત સમાપ્ત

**તા. ૧૭ બુધવાર**
માગશર વદ તેરસ : પ્રદોષ

**તા. ૧૮ ગુરુવાર**
માગશર વદ ચૌદશ, શિવરાત્રી, મોરાગામ, મોરાની જાત્રા-હજીરા

**તા. ૧૯ શુક્રવાર**
માગશર વદ અમાસ, અમાસની વૃદ્ધિ તિથિ, દર્શ અમાસ, કાલબાદેવી યાત્રા, મુંબઇ

**તા. ૨૦ શનિવાર**
માગશર વદ અમાસ, પાવાગઢ યાત્રા

**તા. ૨૧ રવિવાર**
પોષ સુદ એકમ, શિશિર ઋતુ, સૌરભ પ્રારંભ, ઉત્તરાયણ, ચંદ્રદર્શન

## સુવિચાર

**આવડત કેવી રાખો કે તમને હરાવવા માટે કોશિશ નહીં પણ કાવતરા કરવા પડે**

**સમય કોઈનો સગો થતો નથી અને સગા બધા સમય જોઈને થાય છે**